# સ્માર્ટ સિટી હેકાથોન 2020,રાજકોટ સ્પર્ધા અંતર્ગત સંસ્થાઓ માટે જરૂરી સુચનાઓ

1. સ્માર્ટ સિટી હેકાથોન 2020, રાજકોટ નીચે જણાવ્યા મુજબ યોજવાનું નક્કી કરવામા આવેલ છે.

| Venue | Saurashtra University, Rajkot | Marwadi University, Rajkot | Atmiya University, Rajkot |
|---|---|---|---|
| Date | 23rd and 24th January, 2019 | | |

2. સ્માર્ટ સિટી હેકાથોન 2020, રાજકોટ નું વિગતવાર સમયપત્રક http://www.ssipgujarat.in વેબસાઈટ પર ઉપલબ્ધ છે. જેને જાણ સ્પર્ધામાં ભાગ લેનાર સંબંધિત વિદ્યાર્થીઓ અને મેન્ટર્સને કરવાની રહેશે.
3. સંસ્થાના વડાશ્રીએ સ્માર્ટ સિટી હેકાથોન 2020, રાજકોટ માં ભાગ લેનાર વિદ્યાર્થીઓને તથા મેન્ટર્સને ઉપર જણાવ્યા મુજબની તારીખ અને સ્થળે સમયસર હાજર રહેવા જણાવવાનું રહેશે.
4. સ્પર્ધામાં ભાગ લેનાર દર ૦૫ ટીમે એક મેન્ટર આવવા જરૂરી છે. મેન્ટર વિના આવેલ ટીમને સ્પર્ધામાં ભાગ લેવા દેવામાં આવશે નહી.
5. સંસ્થાના વડાશ્રીએ સ્પર્ધામાં ભાગ લેવા બાબતનું બાંહેધરી પત્રક (Undertaking) તમામ વિદ્યાર્થીઓ અને મેન્ટર પાસે ભરાવી લેવાનું રહેશે. ભરેલ બાંહેધરી પત્રકની એક નકલ સંસ્થામા રાખવાની રહેશે અને અસલ બાંહેધરી પત્રક સ્પર્ધાના સ્થળે જમા કરાવવાનું રહેશે.
6. આ સ્પર્ધા બે દિવસ માટે ચાલનાર છે તથા બે દિવસ માટે સંસ્થા/વતનના સ્થળથી દુર રહેવાનુ હોઈ સંસ્થાના વડાશ્રીએ સ્પર્ધામાં ભાગ લેવા બાબતે વિદ્યાર્થી ના માતાપિતાને જાણ કરવાની રહેશે.
7. આ સ્પર્ધામાં ભાગ લેનાર વિદ્યાર્થીઓ માટે માતૃસંસ્થાએ ટ્રાન્સપોર્ટની સુવિધા આપવાની રહેશે.
8. સ્માર્ટ સિટી હેકાથોન 2020, રાજકોટ માટે સંસ્થા લેવલે વિદ્યાર્થીઓ અને મેન્ટર્સને મદદરૂપ થવા માટે સ્પર્ધાના સ્થળદીઠ એક નોડલ ઓફીસરની નિમણુંક સંસ્થાએ કરવાની રહેશે.
9. સ્માર્ટ સિટી હેકાથોન 2020, રાજકોટ નો આ તબક્કો Hardware / Software Edition છે, જેમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓએ સંબંધિત પ્રોબ્લેમનાં નિરાકરણ માટે Coding કરવાનું થતું હોય તો, વિદ્યાર્થીઓએ પોતાની સાથે પોતાનું લેપટોપ તથા અન્ય જરૂરી એસેસરીઝ પણ લાવવાની રહેશે. આ લેપટોપમાં જરૂરી સોફ્ટવેર પ્રી-ઈસ્ટોલ કરવાના રહેશે અને સોફ્ટવેરના લાઈસન્સ સંબંધિત તમામ જવાબદારી વિદ્યાર્થીની રહેશે તેવી સુચના તમામને આપવાની રહેશે.
10. સ્માર્ટ સિટી હેકાથોન 2020, રાજકોટ માં ભાગ લેનાર તમામ વિદ્યર્થીઓની ટીમોએ તેઓના પ્રોબ્લેમના સોલ્યુશન માટે જરુરી પ્રોટોટાઇપ, કમ્પોનંટ અને અન્ય સાધન સામગ્રી સાથે લઈને આવવાનુ રહેશે.
11. વિદ્યાર્થીઓએ સ્પર્ધાના પ્રથમ દિવસે સમયપત્રકમાં દર્શાવ્યા મુજબ સંબંધિત સ્થળે હાજર રહેવાનુ રહેશે અને બીજા દિવસે પોતાની સંસ્થા/વતન પરત ફરવાનું રહેશે. આ સ્પર્ધાના બન્ને દિવસ દરમ્યાન વિદ્યાર્થીઓની તમામ ગતીવિધીની દેખરેખની જવાબદારી ટીમ લીડર, મેન્ટર ફેકલ્ટી તથા નોડલ ઓફિસરની રહેશે.
12. સ્પર્ધાના સ્થળે વિદ્યાર્થીઓ માટે ચા-કોફી-નાસ્તો-લંચની વ્યવસ્થા સંબંધિત યજમાન સંસ્થા દ્વારા પુરી પાડવામાં આવશે.
13. સ્પર્ધામાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓએ સ્પર્ધાના સ્થળે આપવામાં આવતી તમામ સુચનાઓનું પાલન કરવાનું રહેશે તથા શિસ્ત અને સ્વચ્છતા જાળવવાની રહેશે.